रशिक महिना संग्रह.

—*—*—*—

જુદા જુદા કવીઓના બનાવેલા

એકઠા કરીને.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

બુકસેલર.

माहादेव रामचंद्र.

—**—

અમદાવાદમાં.

રાહડાપુર વનમાળીવાંકાની પોળમાં

હરગોવનદાસ હરજીવનદાસ પટેલ.

એઓએ પોતાના ગ્રંથોદય

પ્રેસમાં છાપા.

—*—

સંવત ૧૯૪૧—સને ૧૮૮૫

કીંમત ૦-૨-૦. બે આના.

रशीक महिना संग्रह.

-***-

સારદાના મહીના.

રાગ સંદેસાનો.

આસો માસે સમરૂ માતા સરસ્વતી,
વાસ વસો જીભ્હાએ આવી માત જો;
નર નારીને નવરાતરી મન માનતી,
રજની દીવસ હૃદય સઉનાં રળીઆતજો;
સેવક થઇ સમરૂછુ માતા સારદા. ૧
કારતક માસે પંડીત કાળીદાસની,
વામી જીભે આપ્યું માતા વરદાનજો;
અમરત ચોઘડીએ જાણે તે અવતરયો,
અમર થયો ને અમર કરયા રાજાને જો. શેવક. ૨
માગશરે માતા મળવાની આશછે,
અલબેલી તું પૂર અમારા કોડજો;
જગદંબા છોજી જીભે જશ દાયની,
આપ પ્રતાપે નાવે ખાંપણ ખોડજો. શેવક. ૩
પોશે પંડીત પામ્યા પ્રખ્યાતી કંઇ,
તે સઘળોછેમાવડી તુજ પ્રતાપજો;
પાર ન બ્રહ્મા શેશ મહેશ તુજ પામીયા,
કહી ગયા તે વેદ પૂરાણે છાપજો. શેવક. ૪
માઘે પંડીત માઘ ગયો થઇ મલપતો,
તેને નામે મહીનો લખીઓ માઘજો;
વળી પાંચમ દીન પ્રગટી વસંત પંચમી,
દીન રજની નવ લાગ્યો એક ડાઘજો. શેવક. ૫
ફાગણ માશે હોળી આવી ફાલતી,
રસ બીભત્સને સુભ ખીલે શણગારજો;
જો માતા શંકરેશ્વર તું કરૂણા કરે,
અતીશેતો માનુ તારો ઉપકારજો. શેવક. ૬
ચઇતરે ચીત ચોટયુ છે તુજ ચરણમાં,

વરણ વરણમાં કર તુ તારો વાસજો;
શરણે શેવક આવ્યો તે ઉગારતું,
દીનદયાળ તું હું છું તારો દાસ જો. શેવક. ૭
વઈશાખે વીપત વીદારો વીશ્વની,
એટલુ માગુ અંતર અતી અકળાયજો;
તુ માતા પીતા તુ છુ ઓ માવડી.
તુ રીઝે તો કરે રાંકને રાયજો. શેવક. ૮
જેઠ તાપ તપે મારૂં તનડું તપે,
સીતળ કરીને છાંટો ઠંડુ નીરજો;
અમરત પાઈ ઉછેરો માતા માહરી,
ભવની ભાગે તો તો મારી ભીડજો. શેવક. ૯
અસાડ મહીને છોડ અસાડી આપને,
જાણો માજી જનમો જનમ જરૂરજો;
ઘન ગરજે ને વળી ઝબુકે વીજળી,
દ્રષ્ટી તારી થકી નથી હુ દુરજો. શેવક. ૧૦
શાવણ માસે સેવુ ને સમરૂ શદા,
ધરૂં તેપર માતા તારૂં ધ્યાનજો;
રસ બસ કર રસના રસથી ભરપુર તું,
વળી વળી માગુ એ તારૂ વરદાનજો. શેવક. ૧૧
ભાદરે ભલી ભાત ભજનો ભકતની,
ભારે ભારે તોજ મલે વઈભાગજો;
એવીજ છે ઈછા મા મારે અંતરે,
મન મોહનને રીઝે સજજન લોકજો. શેવક. ૧૨

બહુચરાજીના મહિના.

શીવશંકરભોળા એ રાગ.

અંતરે ચીત ઘણું બાંધ્યુ, નમી નમી બહુચર આરાધ્યુ;
મન મારૂ ગોખે જઈ લાધ્યુ, શોને સંખલપુર રાણી. ૧
વઈશાખે વાવલીયા વાયા, માજીના ગઢ ભણી આયા;
અંબાજીની મોટી છે માયા, શોને સંખલપુર રાણી. ૨
જેઠ તો જુગતીએ સારી, હરી હર બ્રહ્મ થકી ન્યારી;
માજી ગોખ ઉપર બલીહારી. સે૦ ૩

અશાડેતો મેઘ ઘણો ગાજે, છતર સીર બહુચરને છાજે;
ચાર પોહોર ચોઘડીઆં વાજે. સે૦ ૪
શ્રાવણે સરવડીએ વરશે, માજીને ભજશે તે તરશે;
નહી બીજા અથડાઈ મરશે. સે૦ ૫
ભાદરવો ભલી પેરે ગાજે, સેવકને સનમુખે થાજો;
સુડતાં બાવલડી સાજો. સે૦ ૬
આસો માસે આવી દીવાળી, આવ્યાંછે અંબાને કાળી;
ગરબે રમો બહુચરાબાળી. સે૦ ૭
કારતકે કોયલડી બોલે, ન આવે મારી માજીને તોલે;
તે જોતાં ત્રણે ભોવન ડોલે. સે૦ ૮
માગશરે સરોવરમાં નહાયે, ચાચર આવીગરબાતો ગાયે;
શેવકની મા કરજો સાયે. સે૦ ૯
પોસે પ્રીત ઘણી ધારી, પંડવ પાંચે લીધા ઉગારી;
કઉરવ સરવે ગયા હારી. સે૦ ૧૦
માહેતો મને નથી ગમતુ, મન મારૂ રહેછેરે ભમતુ;
મનમારૂ માજીમાં રમતુ. સે૦ ૧૧
ફાગણે ફેર ફરે હોળી, પેહેરયાં માએ ચરણાંને ચોળી;
કેશર બહુ છાંટયાંછે ગોળી. સે૦ ૧૨
બારે માસ પૂરણ કીધા, દહીતને દંડભલા દીધા;
અમર સઉને ઉગારી લીધા. સે૦ ૧૩
આસો સુદ બીજને બુધવારે, બારે માસ થયાનીરધારે;
વલભની ચડજો મા વારે, શેવોને શંખલપુર રાણી૦ ૧૪

જીવણપ્રાણના મહિના.

રથ આવ્યા અકરૂડના, છુટા નંદ દરબાર;
શબ્દ કરેછે સુંદરી; વળી જુએ છે વાટ.
રથ જોડીને રાધવ ચાલ્યારે, મથુરાના તે મારગ ઝાલ્યારે;
વ્હાલો ઠાકોર વળી વળી જુએરે, નેણ ભરેને રાધકા રૂએરે.
મારા બાળા તે પણના બેલીરે, શું જાઓછો માયા મેલીરે;
જીવણ પ્રાણછો, આતમારામ છો. ટેક
કારતગ મહીને કંથ શીધાવ્યા, રહી ન શકે નારી;
અંતર જામી નથી અજાણ્યા, હસી ઉઠયા રહી હારી.

મેં તો પ્રભુજીની સેવના ન કીધીરે, મેલી થાપણ ઓળવી લીધીરે;
મારી હરીએ દઆતજી દીધીરે, જીવન પ્રાણછો. આતમા રામછો. ૧
માગશર રહીને મલી ગયા, જઈ બેઠા જગદીશ,
કોઈ શંદેશો લાવે શામનો, તેને ચરણે નમાવું શીશ,
તેને ચરણે નમાવું શીશરે; કોઈ દેખાડો જગદીશરે;
હું રાંધુ રસોઈ બતરીશરે, જીવન પ્રાણછો આતમારામછો. ૨
પોષ મહીનાની પ્રીતડી, જોબનની જંજાળ,
જમણ હતાં તે જમી ગયા, ઠાલા મેલ્યા થાળ;
હરીએ ઠાલા તે મેલ્યા થાળરે; એવી જોબન તણી જંજાળરે,
મારી જાય જુવાની બાળરે, જીવન પ્રાણછો, આતમારામછો. ૩
માહા મહીનાની ટાઢડી, અતી રાતે અંધકાર;
આંસુ લોચન વહી ગયાં, વરસે શ્રોણીત ધાર;
મને પ્રહેની તે વેદના થાયરે; હુથી એકલડાં ન રહેવાયરે;
મારી થરથર કંપે કાયરે, જીવણ પ્રાણછો આતમારામછો, ૪
ફાગણ ફુલ્યો ફુલડે, રમતા રાઘવરાય;
આશું ફુલે સુંદરી, હરી તજી ગયા જમણી બહાય;
વાહાલો સોળસે ગોપીઓ માંયરે; કાનુને કાંઈ ન કહેવાયરે;
વાહાલો મુકી ગયો વન માંયરે, જીવન પ્રાણછો આતમારામછો. ૫
ચઈતર ચંપો ફાલીયો, પીપળ આવ્યાં પાન;
નાઠયો નાગર નાવલો, મને તેનું લાગ્યું છે તાન;
મને તેનું લાગ્યું છે તાનરે, મને હરી ભજ્યાની હામરે;
કોઈ દેખાડો શ્રીરામરે; જીવન પ્રાણછો આતમારામછો. ૬
વઈશાખે વાય વાવલા, મુખનુ ઉડ્યું નુર,
તાપ તપે તનડુ તપે, હરી મેલી ગયાછે દુર;
એવો આઠયોછે માથે ઉનાળોરે, એવો કપટી કાનડ કાળોરે,
મને મુકી ગયો મોરલીવાળોરે, જીવણ પ્રાણછો, આતમારામછો. ૭
જેઠે જાણ્યુ આવશે, વેગે વીઠલ રાય;
ચંદન ઘોળું વાડકે, વીંઝણે ઢોળું વાય;
હરીને વીંઝણે ઢોળુ વાયરે, મારી ઘડી પલક જુગ જાયરે,
મારા કાળજામાં કાંઈ થાયરે, જીવણપ્રાણછો આત્મારામછો ૮
અસાડ ચમકે વીજલી, ઘન ગરજે ઘમ ઘોર;
આંસુડે ભીંજાય મારી સુંદડી. મોઢડા બોલે મોર;

એવા મીઠડા બોલે મોરરે, કરે બપઈઆ કલોલરે;
મારૂ જાગે જોબનનું જોરરે, જીવન પ્રાણછો, આતમારામછો. ૯
શ્રાવણ વરશે સરવડીએ, નહાવુ નીરમળ નીર;
પેહેરયાં પીતાંબર પોતીયાં, ઓઢણ આછાં ચીર;
હરી ઓઢણ આછાં ચીરરે, આપણે નાતાં જમનાં તીરરે;
એવાં ટળતાં શીત શરીરરે, જીવન પ્રાણછો, આતમારામછો. ૧૦
ભાદરવો ભલો ગાજીઓ, પણ નાઠયા બળવીર,
ચીર હતાં તે હરી ગયા, મારૂં શાણે ઢાંકુ શરીર;
માહારી પોહોચે નજર નાખીનાંખીરે, વહાલે ભરવાડની ગતીરાખીરે;
શામળીએ ન જોયું ઝાંખીરે, જીવન પ્રાણછો, આતમારામછો. ૧૧
આશોમાશ ભલે આવીઓ, સઉની પુરી આસ;
તોરણ બાંધ્યાં ટોડલે, એમ ગાય હરી જન દાસ,
રંગે રંગ મગન ગાયરે ત્યાં થેઈ થેઈ થેઈકાર થાયરે,
શ્રોતા વકતાનાં સંકટ જાયરે, જીવનપ્રાણછો; આતમારામછો. ૧૨

નંદલાલના મહીના.

આવોને નંદલાલ, રમવા આવોનેરે,
નીરમે થયાછો નાથ, રમવા આવોનેરે.

કારતક મેતો કસ્ટેરે કાઢયો, ભરદરીએ જેમ જહાજ; રમવા૦ ૧
માગસર મહીને મારગડેરે મેલી, હવે અમારૂ કોણછે બેલી,
ગીરધર વીન થઈ ઘેલી. રમવા૦ ૨
પોષ માસે જીવણ પ્રાણ તજુંછું, લોકડીયાંની લાજ લોપુંછું;
શણગાર તાજ કરૂંછું, રમવા૦ ૩
મહા મહીને મંદીરીઆંરે સુનાં, હરી વીના આસનીયાંરે સુનાં,
વહાલા વીના જાયછે જોબનીઆં, રમવા૦ ૪
ફાગણે ફગફગતી હોળી, અબીલ ગુલાલે ભરાવુંરે ઝોળી;
વહાલા વીના ખેલે કોણ હોળી રમવા૦ ૫
ચઈતરે મને ચીંતારે લાગી, સુતી સેજલડીમાં ઝબકીને જાગી;
વ્હાલાની લેહ લાગી. રમવા૦ ૬
વઈશાખે વાવલીઆ વાયા, આંખ ઉઘાડી ચોદેશ જોયા;
આંસુ પાલવડે લોહાં. રમવા૦ ૭

જેઠ માસે જગજીવન આવે, વઇષ્ણવ શરવે વધામણી લાવે;
વ્હાલો મારો કાંઇ ન કહાવે. રમવા૦ ૮
અસાડે હું અબળા નારી, જોબન દરિએ પુર છે ભારી;
પીયુના વચનને વીસારી. રમવા૦ ૯
શરાવણ તો શરવડીએ વરસે, નદીએ નીરશ્યુરાં છળશે;
વાલો મારો શી રીતે ઉતરશે. રમવા૦ ૧૦
ભાદરવો ભરદરીએ ગાજે, લીલાં વન નવ પલવ છાજે;
વાલો મારો કાંઇ નવ લાજે. રમવા૦ ૨૦
આસો માસે દેવદીવાળી, લોક વણે મડે સેવ સુવાળી;
વાલા વીના તે જમે કોણ વાળી. રમવા૦ ૨૦

કૃશ્નજીવણના મહીના.

આવો આવો શીવશંકર ભોળા—એ રાગ.

કારતકે કૃષ્ન ગયા મેલી, આંખડીએ આંસુની હેલી;
ગોપી ફરે ગોકુળમાં ઘેલી, ઓધવજી નારે ધટે તમને.
અધિરો થાઓને વહેલી, કે વાંકો અંબોડો મેલી.
ગોરી એના જોબનમાં ઘેલી; ઓધવજી નારે ધટે તમને૦ ટેક. ૧
માગશરે મંદીરમાં રમતાં, ભેળાં બેશી ભોજનીઆં જમતાં;
હવે અમે કેમ નથી ગમતાં. ઓધવજી૦ ૨
પોશે કહેજો પીત કરી પેહેલી, ગોરધનનાથ મથુરાં ગયા મેલી;
વધાઇ મોકલજો વેલી. ઓધવજી૦ ૩
કુબજા તે સોકય થઇ સાલે, વાલો મારો મથુરામાં માલે
તરછોડા નંદ તણા લાલે. ઓધવજી૦ ૪
ફાગણે રંગરમતાં હોળી, સુંદર પેહેરી ચરણા ને ચોળી;
કુમ કુમ કેશરમાં ઘોળી. ઓધવજી૦ ૫
ચઇતરે ચીત્તવન કરી ચુકયાં, સરીર અમ અટવાઇ સુકયાં;
નારીએ નીશાશા મુકયા. ઓધવજી૦ ૬
વઇશાખે વાટ જુએ ગોપી, લજયા નીજ મા બાપની લોપી;
કાનુડાને કુબજા રહી રોકી. ઓધવજી૦ ૭
આવી તટ દાણ લેતા દહાડી, મથુરામાં રંગ રમતાં નારી;
ભુલ્યા કેમ ગીરીવર ગીરધારી. ઓધવજી૦ ૮
જેઠે જાદવને હશીએ, તારી મારી પ્રીતી રંગ રશીએ;

હરી હવે ગોકુળમાં વશીએ. ઓધવજી૦ ૯
અમારે મેવલીઓ ગાજે, તેથી મારૂ દીલ દેખી દાઝે;
એકલડાં મુકયાં માહારાજે ઓધવજી૦૧૦
શ્રાવણમાં શું કરીએ સજની, ગોઠ નહી દીવશ કે રજની;
વ્યાકુળ ફરે વીનતાઓ વરજની. ઓધવજી૦ ૧૧
ભાદરવે ભરજોબન નારી, ઘેરે નહી આવ્યા ગીરધારી;
વાલાજીએ મેલાં વીસારી. ઓધવજી૦ ૧૨
આશોએ ઓધવજી આવ્યા, શંદેશો શામ તણો લાવ્યા;
રાધકાજીને મન ભાવ્યા. ઓધવજી૦ ૧૩

સીતાજીના મહીના.

સાખીઓ.

મારા શામ સુંદર શ્રી રામરે, કેને આશરે રહીએ; મારા પદ પદ્માની પ્રણામરે, લલના રંગ લઈએ; ઘર બહાર અલગ ઘનસ્યામરે, મારા સમ નવ જઈએ. ટેક.
કારતક કેમ કરી કાઢીએ, જુગ જેવી પલ જાય; ત્રાગથી જે તોડીએ, પણ મળવાને મન અકળાયરે. મા૦ ૧

જોબન દરીઆ ઘુઘવે, પીયુ દેશાવર દુર;
અજાણ્યા અણ અનુભવી, તે શું નારીનું જાણે જુરરે. મા૦૨
માગશર ઘેર વીજોગણી, પીયુ પરદેશ પ્રમાણ,
ખવાય અળગુ ખોળીયું, જેના પરવસ પડીયા પ્રાણરે. મારા૦૩
જળથી જુદી માંછલી, રાખો કરી વીવેક;
વારૂ મારા વાલમા, એના પ્રાણ ન રહે પલ એકરે; મારા૦ ૪
પોશે પ્રાતમ પ્રીતડી, વીરહ બાણ વા વહાય;
એ ઘાયલનો અંત નહી, એનું તન તરફડીયાં ખાયરે. મા૦૫
ખાવુ પીવું ખેલવું, ઓઢણ પહેરણ અંગ;
બોલવુ ચાલવુ બેસવુ, એને પોઢવુ ન ગમે પલંગ; મા૦ ૬
માઘે મન તલસે ઘણું, જુરે વીજોગણ નાર;
લક્ષ વીંછીની વેદના, ઉપજે ચીતમાં અનેક વીચારરે; મારા૦૭
ફાગણ હોળી ફાલતી, ફાગ રમે શઉ કોય;
એક હોળી મારે આંગણે, બીજી હઈએ હોળી મારે હોયરે;
મારા૦ ૮

અંતરમાં ભડકા બળે, જન દેખે નહી ઝાળ;
વળખાં મારે વીખવીખે, જેને ડશીઓ વીરહ નાગરે. મા૦૧૦
ચઇતર ચકોર ચીતની, શશી વીદેશી શામ;
ભર જોબનમાં એકલી, એતોદાઝયાઉપર જેમ ડામરે; મા૦૧૧
સુભાગીઆં જે સારસાં, સજોડ સનેહ સહીત,
કયમ કરીવશીએ એકલાં, રાણીજાયા જનમનીએ રીતરે.૧૨
વા વાયા વઇશાખના, આંબે આવી શાખ;
જોગી ભમે વીદેશમાં, થાય હ્રદય બળીબળી ખાખરે. મા૦૧૩
મુગાને સપનું થયુ, મનમાં રહી મુંજાય;
પ્રીતીનુતો પારખુ જે નીમે કહ્યું નહી જાયરે; મારા૦ ૧૪
જેઠ તણા તડકા પડે લાય જેવી લુ વાય;
સુના મંદીર માળીયાં, સુની સેજલડી ખાવાધાયરે. મારા૦ ૧૫
જાય ન રજની દીન જાતાં, રાત ગએ દીન જાય,
વીરહ દુખ મહાવેદના, એ તે નજરે જોઈ કેમ જાયરે. મારા૦૧૬
અસાડ ઝબકે દામની, ઘન ઘરજે નભ માંય;
બપઈઆ પેઉપેઊ કરે, શુણી વીરહણી વ્યાકુલથાયરે મારા૦૧૭
દેવદાનવ પશુ પક્ષી, માનવ તાં કોણુ માત્ર;
જીવતાંપ્રેત વીજોગીયું, ગાળ વિરહ વીરહીજનગાત્રરે. મારા૦૧૮
શ્રાવણ વરસે શરવડે, નદીએ આવે નીર;
લીલી ભુમી ભાસે ભલી, ગાજે તરૂવર ઘોર ગંભીરરે.મારા૦૧૯
ઘોર અંધારી રાતડી, ઝરમર વરશે મેહ;
આંખેથી આંસુ ઢળે, જેનો શ્વામી ગયો તજીસ્નેહરે; મારા૦૨૦
ભાદરવો ગાજે ભલો, રાજવી સઊ વઇભોગ;
રગમાં રઉરવ રોગ એ, જેને વહાલાંનો થાય વીજોગરે.મારા૦૨૧
ચંપા ચંબેલી મોગરા, નવ પલ્લવ વન વહાય;
વીરહણી જાત જવારીઓ, તેતો શોસે સુકાઈજાયરે મારા૦૨૨
આસો આવ્યાં નોરતાં, રમે જમે નરનાર.
દીવસ દીવાળી દોહલા, તેતો જાણે જગતકરતારરે; મારા૦૨૩
દંપતી અંગ ઉમંગમાં, ગાનતાન ગીત રંગ;
અંગરાગ અદભુત યથા, જયજયકાર જણાવે અનંગરે મારા૦૨૫
મન મોહન આવી માસથી, થાય પરભુ પરશન.
સંગ શીતા જેમ રાખીયાં; તેમ ટાળે વીરહવ્યાધી દનરે;મારા૦૨૬

કૃશ્નજીના મહીના.

રાગ ઉપર પ્રમાણે.

કારતકે કરશન ગયા મેલી, મારે ઘેર આવો વનમાળી;
કુબજા કેમ ગમી કાળી, આવો હરી રાસ રમો વાલા. ૧
માગસરે મારગડે રમતાં, ભેળાં બેશી ભોજનીઆં જમતાં.
હેવે હરી કેમ નથી ગમતાં. આવો૦ ૨
પોશે તે શોસ પડયા અમને, તીકમજી શું કહીએ તમને;
દીલાસા સારે દીધા અમને. આવો૦ ૩
માઘે મારે અંધારી રાતો. ફુલડીએ બીછાવી ખાટયો;
વહાલે લીધી મથુરાંની વાટયો, આવો૦ ૪
ફાગણે ઘેર ફરે હોળી; પહેરણ ચરણાને ચોળી;
ચુંદડી મારી કેશરમાં રોળી. આવો૦ ૫
ચઇતર ચીત કરે ચાળા, મધુવન મોરલીયો વાળા;
દરશન દો નંદતણા લાલા. આવો૦ ૬
વઇશાખે વાટલડી જોતી, ઉભી રહી ધ્રુસકડે રોતી;
પાલવડે આંશુડાં લોતી. આવો૦ ૭
જેઠે તો જગજીવન આવે, વધામણી સઉ લોકો લાવે;
વહાલો મારો કશુએ ન કહાવે; આવો હરી૦ ૮
અશાડે અબળા રહી ઝાંખી, વહાલે મહારે ભરજોબન રાખી;
વીચારો તે વાત થશે વાંકી. આવો૦ ૯
શરાવણુતો શરવડીએ વરશે, નદીએ નીર ઘણા ઢળશે;
વાલો મારો શી રીતે ઊતરશે. આવો૦ ૧૦
ભાદરવો ભલી પેરે ગાજે, વહાલા થઇ વીહળ તમ કાજે;
વાહાલો મારો જરીએ ન લાજે. આ૦ ૧૧
આસો માસો આવી દીવાળી, શેવો વણુ કે શુવાળી;
વાહાલા વીના આ શી દીવાળી. આવો૦ ૧૨

નંદકીસોરના મહીના.

કારતક માશે કહાનજી સાંહેલીરે,
શે અપરાધે શામ, ગયા મને મેલીરે ૧
અવગુણ અમારા શા હશે સાહેલીરે,
જે હરીએ ઉતારયું હેત ગયા મને મેલીરે. ૨

મને એકલાં અન ભાવે નહી, સાહેલીરે,
એ મહાટું દુખ મહારાજ ગયા મને મેલીરે. ૩
કોણ આગળ કરૂ ગોઠડી સાહેલીરે,
વહાલે તજીયું ગોકુલ ગામ ગયા મને મેલીરે. ૪
કઠણ થયા છે કહાનજી સાહેલીરે,
તે સાલે હઇડા માંય ગયા મને મેલીરે ૫
તે દુઃખે દાઝું ઘણું સાહેલીરે;
હરી ઘણું દેખાડી હેત ગયા મને મેલીરે. ૬
કારતક કઠણે કહાડીઓ સાહેલીરે,
ના આવ્યા નંદકીશોર ગયા મને મેલીરે. ૭
માગશરે મથુરામાં ગયા શખી આવુરે,
મને એક પલક જુગ જાય સંદેશો કાવુરે.
ઘરનાં કામ ગમે નહી સખી આવુંરે,
મારૂ ચીત પ્રભુની પાસ શંદેશો કહાવુરે. ૯
વીંદરાવનમાં કોણ જશે સખી આવુરે;
મોરલી વાશે કોણ સંદેશો કહાવુરે. ૧૦
બંશીબટના ચોકમાં શખી આવુરે,
હાંરે ક્રીડા કરશે કોણ શદેશો કહાવુરે. ૧૧
દાણી થઇ કોણ ઘેરશે, શખી આવુરે,
કોને માગ્યા દઇશું દાણ સંદેશો કહાવુરે. ૧૨
હશીને કોણ બોલાવશે, શખી આવુરે.
મને કરસે કોણ કટાક્ષ સંદેશો કહાવુરે. ૧૩
માગશર મોટા મરમ તજી શખી આવુરે.
પરભુ નાગર નંદકીસોર સંદેશો કહાવુરે. ૧૪
પોસે પરભુ મુકી ગયા સો દાવોરે,
તમે નંદ જશોદાના હરી અહી આવોરે; ૧૫
જમનામાં ગીદુ પડયો, શો દાવોરે;
પરભુ કાળી નાગની કાજ, હરી અહી આવોરે. ૧૬
મનિદરે ઘન વરસાવીઓ, શો દાવોરે,
ગોવરધન દ્વારકાં કાજ, હરી અહી આવોરે. ૧૭
હો જાદવ અમે આહીરડાં શો દાવોરે;
તેલોક લાજને કાજ, હરી અહી આવોરે. ૧૮

જમનાંજીમાં ઝીલતાં શો દાવોરે,
ચીર હરવાને કાજ, હરી આહી આવોરે. ૧૯
વહાલાં તે વેરી થયાં, શો દાવોરે;
હરી એમ ન કીજે નાથ, હરી આહી આવોરે. ૨૦
પોસે પેમદા વલવલે, શો દાવોરે;
તમે જીવણ નંદકીશોર, હરી આહી આવોરે. ૨૧
માધે મળવા નાથને, મન હીસેરે;
હું જોઉંછું ચોદશ વાટ, કહી નવ દીશેરે. ૨૨
શીઆળે સુખ સાંભળે મન હીસેરે;
કેમ જાએ મોટી રાત કંઈ નવ દીશેરે; ૨૩
મોરલી સુણવા માહરૂ, મન હીસેરે;
મેં સોધા સહુ ગોવાળ કહી નવ દીસેરે. ૨૪
જે હસવું કરતા નાથજી, મન હીસેરે;
અમે સોવું વંદરાવન, કંઈ નવ દીસેરે, ૨૫
સપનંતર શરખું થયુ મન હીસેરે;
અમે તે દુખ કેમ શહેવાય, કંઈ નવ દીસેરે. ૨૬
આવડું અમે જાણ્યુ નહી, મન હીસેરે;
છેક આપશી જેહ, કંઈ નવ દીશેરે. ૨૭
માધે મન વીહવળ થયાં, મન હીસેરે;
તમો જીવણ નંદકીસોર, કંઈ નવ દીશેરે. ૨૮
ફાગણ કહુ ફરી ફરી, દુખ કાપોરે;
શો ગોપીજનના પરાણ દરશન આપોરે, ૨૯
વસંત આંબ્યો વીઠલા, દુખ કાપોરે;
ગુલાલે ભરયા ગોવીંદ, દરશન આપોરે. ૩૦
હોળી હરખે ખેલીએ, દુખ કાપોરે;
રમવા સરખી રાત, દરશન આપોરે. ૩૧
માથે મુગટ કર મોરલી, દુખ કાપોરે;
પરભુ જમનાજીને તીર, દરશન આપોરે. ૩૨
ગોપીઓ સહુ વલવલે, દુખ કાપોરે;
એમ કઠણ ન થઈએ કંથ, દરસન આપોરે;
હરી હવે ઘણી થઈ, દુખ કાપોરે;
ઓચીંતા એકાંત દરશન આપોરે. ૩૪

ફાગણુ ફરકે આંખડી, દુખ કાપોરે,
છો જીવણ નંદકીશોર, દરશન આપોરે.
ચઈતરે ચીંતા કરે, સઉ બાળારે,
સ્વામી વીજોગે દેહ પરગટી જવાળારે. ૩૭
વદન કમળ સુકાઈ ગયાં, સઉ બાળારે;
નવ સુજે એકે પેર પ્રગટી જવાળારે. ૩૮
સણગાર શેજે પરહરી, સઉ બાળારે;
સુકાયાં સઉનાં ગાત્ર, પ્રગટી જવાળારે. ૩૯
ઘેલાસી ફરે ગામમાં, સઉ બાળારે;
નાહી કરસન વીના કાંઈ વાત પ્રગટી જવાળારે. ૩૯
ગુણ ગાતી ગોવીંદના, સઉ બાળારે,
પડે નેતરે આંસુ ધાર, પ્રગટી જવાળારે. ૪૦
સોક સમુદરમાં પડી, સઉ બાળારે;
તેનુ રહ્યું નહી ડોર, પ્રગટી જવાળારે. ૪૧
ચઈતરે ચીત ઠરે નહી સઉ બાળારે;
છો નાગર નંદ કીશોર, પ્રગટી જવાળારે. ૪૨.
વઈશાખે સઉ વલવલે, કયાં જઈએરે;
મારે હઈએ દુખ અપાર કોને કહીએરે. ૪૩
તીકમજી તે તજી ગયા કયાં જઈએરે;
વળી હસે દુરીજન લોક, કોને કહીએરે; ૪૪
પ્રાણ અમારા પ્રભૂકને; કયાં જઈએરે
વળી શાસ્ત્ર નણદનુ સાલ, કોને કહીએરે; ૪૫
સુનુ સઘળુ દેખીએ, કયા જઈએરે;
ગયા જીવન પ્રાણ આધાર, કોને કહીએરે. ૩૬
કઠણ થયા છે કહાનજી, ક્યાં જઈએરે;
હજીએ નવ જાએ પ્રાણ, કોને કહીએરે. ૪૭
પરેમ પંથમાં સઉ પડી, કયાં જઈએરે;
છે વાંકી સઘળી વાત, કોને કહીએરે. ૪૮
વઈશાખે રાખ્યાં વેગળાં, કયાં જઈએરે.
છો નાગર નંદ કીશોર, કોને કહીએરે. ૪૯
જેઠે કહાવે ઝંખતાં, એમ હરીનેરે;
શુ અટકયા કુબજા સાથ, નાઆવ્યા ફરીનેરે. ૫૦

પરીત કરી લપટાઈ ગયા; એમ હરીનેરે;
મળી મથુરાં કેરી નાર, ન આવ્યા ફરીનેરે. ૫૧
વાંક કાઢીને વળગતાં, સઉ હરીનેરે;
ભૂલી શુ હુ ભગવાન, ન આવ્યા ફરીનેરે. ૫૨
અમો અબળાનુ શુ ગજુ, કહો હરીનેરે;
તે તમને ન ઘટે નાથ, ન આવ્યા ફરીનેરે. ૫૩
વાંકસો છે વીઠલા, કહે હરીનેરે;
દેઈ છેહ ગયાછો છેક; ન આવ્યા ફરીનેરે. ૫૪
મારૂ જોબનીયુ એળે ગયુ, કહે હરીનેરે;
હુ કયાં લગી રાખુ ધીર, નઆવ્યા ફરીનેરે. ૫૫
જોઉ ઉઠ જોઈ ગયા, કહે હરીનેરે;
છો નાગર નંદકીશોર ન આવ્યા ફરીનેરે. ૫૬
અસાડે ઘન આવીયો, ઓ બેનીરે;
થયો વીજળીનો ચમકાર, મનડુ રહેનીરે. ૫૭
બપઈઆ પીઉ પીઉ કરે, ઓ બેનીરે;
મદમાતા બોલે મોર, મનડુ રહેનીરે, ૫૮
સેજે પડતો સાંભરે; ઓ બેનીરે;
વળી મંડયો વરશે મેહ, મનડુ રહેનીરે. ૫૯
લોક લાજ મે પરહરી, ઓ બેનીરે;
હુ જાઉ પ્રભુની પાસ, મનડુ રહેનીરે. ૬૦
ધીરજ મેં રાખી ઘણી, ઓ બેનીરે;
હજુએ નવ આવ્યા નાથ, મનડુ રહેનીરે. ૬૧
કોઇ સંદેશો કહે મને, ઓ બેનીરે;
હરી આવશે આજ કે કાલ, મનડુ રહેનારે. ૬૨
અસાડે ના આવીઆ, ઓ બેનીરે;
છો જીવણ નંદકીશોર મનડું રહેનીરે. ૬૩
શ્રાવણ વરસે સરવડે, તે સાલેરે;
આવ્યા ચોમાસાના દન, કોહો કેમ ચાલેરે. ૬૪
હરી કુબજા સાથે ખેલ કરે તે સાલેરે;
વાલે મુકી વરજની નાર, કહો કેમ ચાલેરે. ૬૫
સંદેશા ના કહાવીઆ તે સાલેરે;
તમે લોક થયા મહારાજ, કહો કેમ ચાલેરે. ૬૬

વહેરીડા કરે વાતડી, તે આલેરે;
મારૂ પુરણ બાંધયું મન, કહો કેમ ચાલેરે. ૬૭
વીડલ રાખ્યાં વેગળાં, તે આલેરે;
શું નથી જાણતા નાથ કહો કેમ ચાલેરે. ૬૮
હરી ચતુર થઈ ચુકી ગયા, તે આલેરે,
ગયું જાણપણામાં આજ, કહો કેમ ચાલેરે. ૬૯
શ્રાવણ શુનો હરી વીના તે આલેરે;
છો નાગર નંદકીશોર, કહો કેમ ચાલેરે. ૭૦
ભાદરવો કહે ભાવશુ, શ્રીજ નારીરે;
તમે જીતા જગજીવન હરી હું હારીરે. ૭૧
રમતાં રાડ કીધી હશે, શ્રીજ નારીરે;
તમે ક્ષમા કરો અપરાધ, હરી હું હારીરે. ૭૨
મનમાંથી વ્યાકુળ થઈ, શ્રીજ નારીરે;
હવે દયા લાવો મહારાજ, હરી હું હારીરે. ૭૩
તમે કહેશો તે કરશું અમે, શ્રીજ નારીરે;
પ્રભુ રખે રાખતા રીસ, હરી હું હારીરે. ૭૪
ત્રીકમ તમે તજી ગયા, શ્રીજ નારીરે;
કેમ વરશેરે વરસાદ, હરી હું હારીરે. ૭૫
અમો આહીર અહંકાર તજયો, શ્રીજ નારીરે;
તમો છો દીનદયાલ, હરી હું હારીરે. ૭૬
ભાદરવે ભુદર નવ મલ્યા, શ્રીજ નારીરે;
છો નાગર નંદકીશોર, હરી હું હારીરે. ૭૭
આસોમાં સખી આવશે, વનમાળીરે;
મારે થાશે હરીશુ ભેટ, આજ દીવાળીરે. ૭૮
પ્રેમ જોઈ ગોપી તણો, વનમાળીરે;
હરી આવ્યા કહેવાય, આજ દીવાળીરે. ૭૯
ગોપી અતિ હરખે ઘણું, વનમાળીરે
ઘેર ઘેર મંગળ ગાય; આજ દીવાળીરે. ૮૦
ફરી ફરી મુખ નીરખતાં, વનમાળીરે;
અતિ હરખે ઘેલી થાય, આજ દીવાળીરે. ૮૧
ગોપી પ્રેમે કરતી આરતી, વનમાળીરે;
વળી પાંચે હસતી જોય, આજ દીવાળીરે. ૮૨

મનોરથ સઉ પુરણ કરયા, વનમાળીરે;
થયા તે બારે માસ, આજ દીવાળીરે. ૮૩
આસોમાં હરી ફરી મળ્યા, વનમાળીરે;
છો નાગર નંદકીશોર, આજ દીવાળીરે. ૮૪

શ્રી અંબાજીના મહીના.

કારતક માસે કરૂણા કરો મુજ માતરે, મા અંબાજી;
અલબેલી અંબા સાંભળ મારી વાતરે, મા અંબાજી. ૧
વાત સાંભળીને સમરૂ શ્રીહરી નાથરે, મા અંબાજી;
તારા દરશનની મને મોટી અંબા આસરે. મા અંબાજી ૨
માગશર માસે મન મળવા અકળાયરે, મા અંબાજી;
તારી ઈછા કરતાં અંબા દીન વહી જાયરે, મા અંબાજી. ૩
દીન વહી જાયને આશા મુજને મોટીરે, મા અંબાજી;
તારા રંગ મંડપમાં હુ નવ આવી લોટીરે, મા અંબાજી. ૪
પોસ માસે મુજને મળવા શોપરે, મા અંબાજી;
મુજ રાંક ઉપર શો ધરશો માજી રોશરે, મા અંબાજી. ૫
રોશ ન ધરીએ તમેછો દેવી દયાળરે, મા અંબાજી;
જેનુ નામ ધરાવે સેવક જન પ્રતીપાળરે, મા અંબાજી. ૬
માહા મહીને કાંઈ વરત સાંભળાં તમારૂંરે, મા અંબાજી
મા શુ જુઓછો કુડાં કરમ અમારાંરે, મા અંબાજી. ૭
કુડાં કરમની કરણીછે મધ્યાંનરે, મા અંબાજી;
તારા દરસનનુ મનેમોટુ અંબા ધાંનરે, મા અંબાજી. ૮
ફાગણ માસે ફરી ફરી ઉલટે અંગરે, મા અંબાજી;
રંગ ભરયાં મનડાં નવ કરશો ભંગરે, મા અંબાજી. ૯
ભંગ ન કરશો તનડું મારૂ તલસેરે, મા અંબાજી;
ચીત અમારૂ ચરણે આવી અટકેરે, મા અંબાજી. ૧૦
ચઈતર મહીને ચીંતા મુજને લાગીરે, મા અંબાજી;
જનમ ધરીને નવ નીરખ્યાં અંબામાજીરે, મા અંબાજી ૧૧
નવ નીરખ્યાં મે અંબા અકળ સ્વરૂપરે, મા અંબાજી;
મા વળતાં કયાંથી દેખીશ માનાં રૂપરે મા અંબાજી. ૧૨
વઈશાખ મહીને વરસ જાય દેહ નાઠીરે, મા અંબાજી;

મા હવે વળતી વેળા રહીછે માઠીરે, મા અંબાજી. ૧૩
વેળા માઠી માંથે મોટુ દુઃખરે, મા અંબાજી;
વળતાં કયાંથી દેખીશ માનાં મુખરે, મા અંબાજી. ૧૪
જેઠ માસે મુજને તેડો ઠેઠરે, મા અંબાજી;
નહી તેડોતો જીવત જાશે વેઠરે, મા અંબાજી. ૧૫
વેઠ થશેને મીથ્યા થાશે જનમરે, મા અંબાજી;
ભાગ્ય નથી પણ ઓછાં મારાં કરમરે, મા અંબાજી. ૧૬
અસાડ માસે અટક ન ધરીએ માતરે, મા અંબાજી;
તારા દરશનને માટે તલશે મારૂ તનરે મા અંબા૦ ૧૭
તન તલસેને દયા ન આવે મારીરે, મા અંબાજી;
મા દયાળુ દીલથી શુ મુકોછો કાઢીરે, મા અંબા. ૧૮
શ્રાવણ માસે સંઘ ભરાય બહુ ભારીરે, મા અંબાજી;
મા ઇછા હોયતે આવે તારે પારેરે, મા અંબા૦ ૧૯
મા પાપી હોયતે નીસ્ચે પાવન થાયરે, મા અંબા૦
મા સંઘ ભરાયને સઉને ઇછા થાયરે; મા અંબાજી; ૨૦
ભાદરવામાં શીદને મન ભમાવોરે, મા અંબાજી;
તારાં દુરલભ દરશન આપી તાપ સમાવોરે. મા અંબા૦ ૨૧
તાપ સમાવી સીતળ કરજો છાંયરે, મા અંબાજી;
સીસ નમાવતાં પ્રાસ્ચીત પ્રલે થાયરે, મા અંબા૦ ૨૨
આસો માસો અરજ સાંભળો વેલીરે, મા અંબાજી;
મા આરાસુરમાં કરો આનંદની હેલીરે, મા અંબા૦ ૨૩
હેલી કરીને પુરો મનની આશરે, મા અંબાજી;
સેવક જનને તેડો તમારી પાસરે, મા અંબા૦ ૨૪
બારે માશ પુરણ કીધા માતરે. મા અંબાજી;
મા વીશમપરી વીસ્વાસ ન કરશો ઘાતરે, મા અંબા૦ ૨૫
તેરમો મહીનો પુરસોતમ કહેવાયરે, મા અંબાજી;
મા હરી પ્રતાપે પુરસોતમ સહુ ગાયરે, મા અંબા૦ ૨૬
આરાસુરમાં નીત્યે આનંદ થાયરે, મા અંબાજી;
કરજોડીને બાપુ શેવક ગાયરે. મા અંબા૦ ૨૭

દવારકાના મહીના.

કારતક મહીને એ શું કીધુ કામરે શામળીઆ,
અબળાને તરછોડી ચાલ્યા ગામ મારા શા. ૧

કેની ઓથે હુતો જઇને રહુરે શામળીઆ,
જોબનીઆના પીડા કેને કહુ મારા. સા૦ ૨
વાલા તેં તો ઘણી કરીછે ઘાતરે, સા૦
અંતર માંહે જુઓ તપાશી વાત. મારા શા૦ ૩
આ નોધારીનો નાવલીઓ પરદેશરે, સા.
વેહેની લાહયો લાગી બાળે વેસ મારા શા. ૪
જુવાનીનુ પુરવહીને જાયરે શામળીઆ.
દહાડે ને દીવસે તે ઓછુ થાય. મારા શા૦ ૫
અજાણે તો પ્રીત એમ શુ જોડીરે શા.
જાતાની વેળાએ છેકજ તોડી. મારા શામ. ૬
વાયદે તો આવી દરસન દેજોરે, શાં.
દવારકાંના સ્વામી અમને મળજો મારા શા. ૭
માગશર મહીને કેઈ પેરે હુ રહુંરે શા.
સુખડાંને દુઃખડાં તો કોને કહુ મારા શામ. ૮
પેઉ વીનાતો ઘેલી હુતો થાઉરે, શામ૦
આ મેહ્યુ ને સંતાડુ ભુલી જાઉં. મારા૦ ૯
ઘણીજી મુજને આવી ધારણ દેજોરે, શા૦
કાંઈ મીઠલડી વાતોતો મુજને કહેજો મારા સા૦ ૧૦
વનમાળી તુંતો લીલાનો સાથીરે, શા૦
ઝાડાનો તે ઝાલો કેમ રહે હાથી. મારા શા૦ ૧૧
અમે તમારાં દાસલડાંતો થઈએરે શા૦
મોટાને ઠેકાણે કાંઈ નવ જઈએ મારા શા૦ ૧૨
દયા હઈઆમાં કાંઈક તમેતો લાવોરે. શા૦
પ્રીતલડી જાણીને ઘેર આવો મારા શા૦ ૧૩
બે મહીનામાં વરસ ગયાંછે લાખરે, શા૦
દવારકાંના સ્વામી દરસન દાખો મારા શા૦ ૧૪
પોસ માસે ના આવેતો મરીએરે, શા૦
વીખડાંને ખઈને તો ઘાતો કરીએ. મારા શા૦ ૧૫
મુજ તેંતો કાઢ્યાં છે આજરે, શા૦
લંપટને તો કશી ન આવી લાજ મારા શા૦ ૧૬
ભવસાગરમાં બુડી હુંતો જાઉંરે, શા૦
કોનાને પાલવડા તાણી સાઉ મારા શા૦ ૧૭

તમ વીનાતો કયાંથી લીજે લાભરે, શા૦
તળે તો ધરતી ને ઉપરછે આભ મારા શા૦ ૧૮
ચુક અમારી નજરે શી છે ચઢીરે શા૦
કઠણ હઈયાના થઈને ગયા વઢી મારા શા૦ ૧૯
જીવડો અમારો વ્યાકુળ તેં તો કીધોરે શા૦
પડતાને ઊપર તો પાય દીધો મારા શા૦ ૨૦
કુડું તેં તો મુજશું કીધું કામરે, શા૦
દવારકાંના સ્વાંમી પુરો હાંમ મારા શા૦ ૨૧
માહા મહીને તો એલેલે જાયરે શામળીયા૦
શીયાળાની ટાઢો મુજને વાય મારા શા૦ ૨૨
સુતાંને બેઠાં તો સુનું લાગેરે શામળીયા૦
સુખડાંને સંભારી બાણ વાગે મારા, શા૦ ૨૩
હીમ હવે તો પડવા માંડ્યું કેરરે શા૦
સેજલડી સુની છે આવો ઘેર મારા શા૦ ૨૪
હીમાલો તો હાલ્યોને અતી હીંડયોરે શા૦
દોહલા દીનની ભાગો મારી ભીડયો મારા શા૦ ૨૫
કઠણ વેળાના આવી સંકટ હરજોરે શામળીયા૦
વીનતાને તો વાલ કરીને વરજો મારા શા૦ ૨૬
ટળ વળતાને પાણી તમે પાવોરે શામળીયા૦
શીયાળો ગાળવાને ઘેર આવો મારા શા૦ ૨૭
વીસ્વાશીને વાઈને ત્યાં રહયારે શામળીયા૦
દવારકાંના સ્વામી મુકા થયા મારા શા૦ ૨૮
ફાગણ મહીને પરેમવાડી રહીછે ફોલીરે શામળીયા૦
ઘેરાઈયા રમેછે કેસર ઘોળી મારા શા૦ ૨૯
વંદરાવનની વેલો સરવે ફુલીરે શામળીયા૦
લીલીને રહીછે કાંઈ ડાલો જુલી મારા શા૦ ૩૦
દવનાં લાગ્યાં વન થયાંછે લીલાંરે શામળીયા૦
ફુલડીયાં ફુલ્યાંછે રાતાં પીળાં મારા શા૦ ૩૧
આંબલીએતો મોરછે રૂડી રીતરે શામળીયા૦
બાવળીઆતો ફુલ્યા પુરણ પ્રીતે મારા શા૦ ૩૨
આ રતમાંતો એચ્યંતાના આવોરે શામળી,૦
કાગલીઓ લખો કે કાંઈ કાગો મારા શામળીયા૦ ૩૩

ડાહયાનેતો કહેવું ન પડે કાંઇરે સ્રા૦
ખીડયાંને બલીએ છીએ રૂદીયામાંય, માર સ્રા૦ ૩૪
વીરહ તણાતો ભીતર ભડકા લાગેરે, સ્રા૦
દવારકાના સ્વામી સુતા જાગે; મ.રા સ્રા૦ ૩૫
ચઇતર મહીને ચાંતામાંતો ફરૂરે સ્રા૦
ઠારણ મારાં ઠારો તારેઠરૂ; મારા શા૦ ૩૬
આ દુખડાંતો સુખે મેંતો સહયાંરે શા૦
કઠણ હઇઆના એવા કેમ થયા, મારા શા૦ ૩૭
ઉનાળાનો તડકો આકળો લાગેરે શા૦
ધરતીતો ચકિછે કામ જાગે; મારા શા૦ ૩૮
મોહ તણાતો ભડકા મુજને લાગેરે સ્રા૦
ઘરમાંહે જઇને ઊંડા આવે મારા શા૦ ૩૯
વાલા તારી કુપલીઓ કરમાયરે, શા૦
સીંચા વીનાતો સુકાઈ સૂકાઇ જાય મારા શા૦ ૪૦
ધુતારાને વાર ન લાગી જાતાંરે સ્રા૦
નમેરાંને દયા ન આવી વાતાં. મારા સ્રા૦ ૪૧
છ મહીના તો ચઇતર મહીને થયારે; સ્રા૦
દવારકાંના સ્વામી કયાં ગયા મારા સ્રા૦ ૪૨
વઇશાખે તો વાર તમને લાગેરે; શા૦
અબળા નારી તરત પરાણ તે તાગે. મારા શા૦ ૪૩
ગોકુળ આવો ગીરધારી તમો ચાલીરે. સ્રા૦
વાતલડીઓ તો આપણ કરીએ વાલી. મારા સ્રા૦ ૪૪
સંસાર તો મુજને મેણા મારેરે, શા૦
કાનુડો સઉ કહીને પોકારે મારા સ્રા૦ ૪૫
કે મુજને મેલીને તો ગયારે; સ્રા૦
કુબજાના મેલીડા જઇને થયા મારા શા૦ ૪૬
ચીતવ્યુ તે તો મારા મનમાં રહયુરે સ્રા૦
અણચીતવ્યું તે આગળ થયું મારા સ્રા૦ ૪૭
શુ કરીએ બાઇ કરમ તણા છે ભોગરે; સ્રા૦
આ વેળામાં કંથ તણો વીજોગ. સ્રા૦ ૪૮
ઉભી ઉભી અરજ કરૂછુ તારીરે; સ્રા૦
દવારકાંના સ્વાંમી જો જો ધારી મારા સ્રા૦ ૪૯

જેઠ મહીને તો વાવલીઆ ઘણા વાયરે; સાં૦
તારૂણીને તાલાવેલી થાય મારા સાં૦ ૫૦
પંખીડા તો વાવસ જઈને બેઠાંરે, શા૦
માળા તો ઘાલીને પ્રીતે પેઠાં મારા સાં૦ ૫૧
પરદેશી તો પરદેશથી આવ્યારે; સાં૦
સમાચાર કોઈ તમારા નવ લાવ્યા. મારા સાં૦ ૫૨
મથુરાંના વાસી તમે થયારે, સાં૦
ગોકુળીયાને જાણો તાં શું રહ્યા મારા સાં૦ ૫૩
એહવુ પાત્ર કંશ તણી છે દાસીરે; સાં૦
ધુતારીએ રાખ્યાં રંગવીલાસી મારા સાં૦ ૫૪
ચતુર હોય તે સારૂ નરસુ જાણેરે, સાં૦
વીવેકી તો મનમાં વાતો આણે. મારા સાં૦ ૫૫
દયા કરીને દુઃખ અમારાં કાપોરે; સાં૦
દવારકાંના સ્વામી, સુખડું આપો. મા૦ ૫૬
માસ અસાડે ચોમાસુ ભરપૂરરે સાં૦;
વરસાળો આવ્યો, તે જોજો ઉર મારા૦ ૫૭
મધુરો મધુરો મેવલીયોતો વરશેરે. સાં૦;
ઝાડીઓને લાગી તો જીવ તલસે. મા૦ ૫૮
નાંની મહોટી નદીઓનાં જે નીરરે; સાં૦
વળીને ચાલે છે દરીઆ તીર. મા૦ ૫૯
જયાં જાઉં તાં જળ તણો નહી પારરે, સાં૦
ધરતીએ તો સજીયો છે શણગાર. મા૦ ૬૦
મોર દાદુર બોલે છે મોટા વનમાંરે, સાં૦
બપઇયો તરશો છે એવા દનમાં. મા૦ ૬૧
એવી ટેક હોય તો એને ભજજોરે, સાં૦
પ્રેમી જનના સ્નેહી વહેલા વળજો મા૦ ૬૨
પંડ પડે પણ બીજાને નવ ભજીએરે, સાં૦
દવારકાંના સ્વામી સુખડાંસજીએ. મા૦ ૬૩
શરાવણ મહીને શરવડીઆંતો પડેરે, સાં૦
મેવલીઓ ગાજેછે વાદળ ચડે. મા૦ ૬૪
આડી અવળી વાદળીઓતો ધાયરે, સાં૦
કાળા પીળા ડુંગરીઆ દેખાય. મા૦ ૬૫

વીજળીઓના ઝબુકા બહુ થાયરે, સા૦
જુવતીએ તે જરા ન જોયુ જાય. મા૦ ૬૬
ધરતી ઉપર જલ તણો નહી પારરે, સા૦
પગ માંડવાને નથી એકે ઠાર. મા૦ ૬૭
વળગેલાને વાટમાં નવ મેલોરે સા૦
ચરણ કમળથી પળ અળગા નવ ઠેલો મારા૦ ૬૮
દન રજની તો કેઇ પેરે જાયરે. સા૦
તમ વીના મેં તો નવ રહેવાય, મા૦ ૬૯
અવગુણનો તો એકે નથી પારરે. શા૦
દવારકાંના સ્વામી કરજો વહાર. મા૦ ૭૦
ભલુ થયુ ભાદરવો ભલે આવ્યોરે; સા૦
સુંદરીના મનમાંતો સારો ભાવ્યો મા૦ ૭૧
સહિઅર બેઠી ભજન હુતો કરતીરે. સા૦
કાનુડાનુ ચીતવન ચીંતમાં ધરતી મા૦ ૭૨
એવામાં તો સપનુ મુજને થયુંરે, સા૦
ઝળહળ રૂપ આવીને ઉભુ રહયુ મા૦ ૭૩
ભાવ કરીને હેતે મુજને ભેટયારે. સા૦
રંગ વધાગયો શોક સરવે મટયો મા૦ ૭૪
સૈહેજ તણુ તો સારુ લીધુ સુખરે, સા૦
ઘણા તો દીવસની ભાગી ભુખ મા૦ ૭૫
જનમ જનમની ભાવટ મારી ભાગીરે. સા૦
એવામાંતો ઝબક કરતી જાગી. મા૦ ૭૬
પાતળીએ તો પૂરણ કીધી મેરરે, સા૦
દવારકાંના સ્વામી આવો ઘેર. મા૦ ૭૭
આશો માશે દીવળી છે મારેરે,સા૦
દીવાને કીધાછે સઘળે દુવારે. મા૦ ૭૮
કીરપા કરીને માવાજીએ આજરે, સા૦
સારયુને સુધારયુ મારૂ કાજ. મા૦ ૭૯
પૂરવ જનમની વાચા તેતો પાળીરે, સા૦
કિરપા કરીને વેળા મારી વાળી. મા૦ ૮૦
કુલીને ફરકયુ આનંદ અંગેરે, સા૦
મોતીડે વધાવુ શઈઅર સંગે. મા૦ ૮૧
સંવત અઢાર તેત્રીશ કારતક સારરે, સા૦

એકાદસીએ પુગ મહીના બાર. મા૦ ૮૨
ગરૂ તણી કીરપાએ મેં તો ગાયારે, સાં૦
સંતો સુણો અંબીક મારી માયા. મા૦ ૮૩
શેવક તારો સ્વામી પાસે રહેછેરે, સાં૦
કરજોડીને દાસ દવારકો કહેછે. મા૦ ૮૪
શીખે શુણેને નીત કરે અભ્યાસરે, સાં૦
બીજ મંડળમાં સદાય તેનો વાસ. મા૦ ૮૫
પુરશોતમ મારી અઢળક ઢળીઆરે, સાં૦
સુખડાના સીંધુ તો વહેલા વળીઆ. મા૦ ૮૬
માનનીઓ તો મળીને મંગળ ગાયરે, સાં૦
આનંદને ઓછવ ઘણેરો થાય. મા૦ ૮૭
તરીઆ તોરણ મંદીરીએતો ઝળકેરે, સાં૦
મોતીડાની શેરો માંણી લળકે. મા૦ ૮૮
ચારે ખુણે કસતુરીની કયારીરે, સાં૦
ચંદનની તો ઓકળીઓ દીશે સારી. મા૦ ૮૯
ચોકમાં તો રોપાવ્યા છે રોપરે, સાં૦
વારી તારા લટકા ઉપર ઓપ. મા૦ ૯૦
અરગ કપુરની આરતી સદા થાયરે, સાં૦
સુણતાં મારી દુસ્ટ બુધી જાય, મા૦ ૯૧
ચોક ઉપર બેઠા દીનોનાથરે, સાં૦
દવારકાંના સ્વામી આવ્યા મારે હાથ. માં૦ ૯૨

તુળસીના મહીના.

ધન ધન પાટણ ધન ધન ગાંમ, ધન તુલસી તારૂં
ઉત્તમ નામ. સાંભળો ગુણવંતા.
અસાડે તુળશી રોપ રોપાવે;
દેવ દમોદરને નીદ્રા ન આવે. સાંભળો ગુણવંતા. ૨
સરાવણે તુલશી હોદોરે પાંને,
હરખ્યા શ્રી નારાયણ તુળશીને નામે સાં૦ ૩
ભાદરવે તુળશી લેરેરે જાય,
કંઠે સોવરાવે શ્રી જાદવરાય. શાં૦ ૪
આશોએ તુલસી આશા વળુધા,
દેવ દામોદરે ખોળામાં લીધાં. સાં૦ ૫

કારતકે તુલશી બાળ કુવારી,
લગન નીરધારીને પરણ્યા મોરારી. માં. ૬
માગશરે માવટડે હરીઆ,
સીઆળે તુળસીનાં આણારે કરીઆં. માં. ૭
પોશ માસે પડમારે પોકાર,
તુળશી વના સુનો સંશાર, માં. ૮
માહા મહીને શુધ બુધનભુલે,
તુળશીવિના ત્રીભોવન ડુલે. માં. ૯
ફાગણે ફાગ ખેલેરે ગોવંદા;
પગરે પાવટડે હરી લેલાવટચંદા, માં. ૧૦
ચઈતરે ચંત બોલે હેડોળા,
હીચકે હીચે શ્રીક્રસનજી કાળા. માં. ૧૧
વઈશાખે ખીલી ફુલવાડી,
ઓળેને બોળે મે રમત રમાડી. માં. ૧૨
જેઠ માસે તુળશી કરમાયાં;
સોળશે ગોપીઆ પાણીડાં ચાલ્યાં. માં. ૧૩
તુળશીને કયારે બીના દીવલડા,
હરી હરી કરતાં જાય એના જીવડા, માં. ૧૪
હુ તમને પુછુ મારી તુળસીરે માતા,
કુણ તારી માતા ને કોણ તરો પીતા. માં. ૧૫
ધરતી મારી માતાને આભ મારો પીતા;
દેવકી મારી સાસુ ને કૃષ્ણ ભરથાર. માં. ૧૬

થોભણદાસના મહીના.

કારતક કોડામણોરે, શીળો પુનમનો ચંદ વાલા;
રાધાજી કરે હરીની વીનતીરે, ચરણે રાખો ગોવીંદ વાલા. ૧
માગશરે મેલી ગયારે, પેઉ ગયા પરદેશ વાલા;
ભરજોબનમાં ભામનીરે, અબળા બાળે વેશ વાલા. ૨
પોશ માશે પુછામણીરે, સાંભળ સઈઅર વાત વાલા;
શ્રીકૃષ્ણ ચાલ્યા દુવારકાંરે, સોળસે ગોપીનો નાથવાલા. ૩
માહા મહીને મન માહરૂંરે, ચીતડું વ્યાકુળ થાય વાલા;
સમણાં લાગ્યાં શ્રી રામનાંરે, દીઠા જાદવ રાય વાલા. ૪
ફાગણ માસે ફરૂકીયારે, વાગેછે તાલ મરદંગ વાલા;

મધુરીશી વાય વાલો વાંશળીરે, હોળી ખેલે ગોવીંદ વાલા. ૫
ચઈતરે ચીંતામણીરે, ના આવ્યો નંદ કુમારવાલા.
કોઈ લાવે પેઉની વધામણીરે, આપુ એકાવળ હાર વાલા. ૬
વઈશાખે વનવેડીયાંરે, વેડીછે દાડમ દ્રાખ વાલા;
કોયલડી ટઉકા કરેરે, સરવો લાગે એનો સાદ વાલા. ૭
જેઠ મહીનાનાં રણ તપેરે, જેવા ઉનાળાના તાપ વાલા;
લ કામાં જવાલા પરજળેરે, ઉભા રહો રઘુનાથ વાલા. ૮
અસાડ માસ ભલે ઉલટયોરે, થાય વીજળીઓના વેગ વાલા;
ભલીરે ઉલટી મેની વાદળીરે, વરશા બારે મેઘ વાલા. ૯
શરાવણ વરસે સરવડેરે, નદીએ નિરમળ નીર વાલા;
ભાજે તે રાણી રાધીકારે, ભીંજાય દખણીનાં ચીર વાલા, ૧૦
ભાદરવો ભલે ગાજીઓરે, શીતળ ચડયાં વીસેસ વાલા;
ગોગાદે ભીંજાય ઘર આંગણેરે, પેઉડો ભીંજાય પરદેશ વાલા.
આસો માસે દીવાળીરે, સજે સુંદરી શણગાર વાલા;
લેલાટ ટીલડી સોહામણીરે, કંઠે એકાવળ હાર વાલા. ૧૨
બારે માસ પૂરા થયારે, આવેલો અધીક માસ વાલા;
ગાય શીખેને સાંભળેરે, વીનવે થોભણ દાસ વાલા.

મહીના.

કારતક મહીને મેલી ગયા હરજી હઈઆમાં રાખો દયા;
ગોકુળ કેમ કરી રહેવાય, વાલમ વહેલા પધારજોરે, ટેક
માગસર મહીને મહાલતાં, હરીને આંગણીએ બોલાવતાં;
કરતા વાલપણાની વાત. વાલમ. ૨
પોસે પરભુ ગયા પરદેશમાં, મેલી અબળા બાળે વેશમાં;
સુતાં શહેજે નવ સહેવાય. વાલમ. ૩
માઘે મોહનજી મન સાંભરે, ગોપીની આંખડીએ આંસુ ઢળે;
સુનો વાલા વના સંસાર. વાલમ. ૪
ફાગણ મહીને વન ફુલી રહયાં, રમત રસીઆની ભુલીગયાં;
રસીઆ સેની ચડાવે રીસ. વાલમ. ૫
ચઈતરે મન ચંચલછે મહારૂ, હું તો ધાંન ધરૂ પ્રભુ તાહરૂ
ઘડી એક જુગ બરાબાર જાય. વાલમ. ૬
વઈશાખે વાટડીઓ જોઇ વળી, પોતે પાવડીએ ચડી;

શુના જળ જમુનાંના ઘાટ. વાલમ. ૭
જોઉ જીવન જોવા નીસરી, સજવા સણગારો વીશરી;
ગીરધર ઘડીએ ન રહેવાય. વાલમ. ૮
અસાડેછે આશા પ્રીજનારને, મોહન મનમાં વાત વીચારને;
પ્રીતંમ આવે રહેશે પ્રાણ. વાલમ. ૯
શરાવણે શેરડીઓ સોધી વળી, દીઠી મેં ન તમારી મંડળી;
મેં ન દીઠા નંદકુમાર. વાલમ. ૧૦
ભોજન ભાદરવે ભાવી રહયાં, વાલા વચન તમને શાં કહયાં;
વીનતા જુવે તમારી વાટ. વાલમ. ૧૧
આસો મેં જાણ્યુ હરી આવશે, તારે દીવાળી દીલ ભાવસે;
દીપક થાશે ઘેર ઘેર. વાલમ. ૧૨

દલપતના મહીના.

કારતક મહીને અબળા કહેછે કંથને,
હવે દીઆળો આવ્યો શવામી નાથજો;
હીમાળુ વા વહારે હલકી ટાઢડી,
શુ શોધો પરદેશ જવાના સાથજો;
એ મહીને નવ જઇયે પીયુ પરદેસમાં. ૧.
માગસર મહીને હોંશ ઘણી મનમાહરે,
રસીઆ સંગ રમવાની માઝમ રાતજો;
ઘુંઘટડો કાઢીને ઘર આગળ ફરૂ,
પીયુ મેલો પરદેશ જવાની વાતજો. એ મહીને૦ ૨
પોસે જે અબળાને પીયુડે પરહરી,
તે નારીનાં પૂરણ મળીઆં પાપજો;
સાસરીએ રહીને તે શું સુખ ભોગવે,
મહીયરમાં નવ ગોઠે માને બાપજો. એ મહીને૦ ૩
માહા મહીને ના કરીએ નાથ મુસાફરી,
ઘઉં સાટે જઈ લાવો ખોરી જારજો;
વેંચીને જમશું રે મારા વાલમા,
જરૂર નહી જવા દેઉ ઘરથી બહારજો. એ મહીને૦ ૪
ફાગ રમે ફાગણમાં નરને નારીયો,
ઘેર ઘેર નઊતમ કઉતક નવલાં થાયજો;
જે નારીનો નાવલીયો નાશી ગયો,
કહો તેને કેમ નજરે જોયું જાયજો. એ મહીને૦ ૫
ચઇતરમાં ચતુરને પંથ ન ચાલવું,

જે ઘેર નારી મારી ચતુર સુજાણજો;
વાલપણે વચનેરે પેઉને વશ કરે,
નીરધારયાં પડયાં રહે પરીયાંણ જો. એ મહીને૦ ૬
વાવલીઆ વાયારે પીચુ વઈશાખના,
રજ ઉડેને માણેક મેલુ થાયજો;
નથનીનું મોતીરે હીરા હારનો,
કહો પરહાથે કેમ તે બીરચો જાયજો. એ મહીને૦ ૭
જેઠ તો પરદેશે જાવું દોહલુ,
ભોમ ધખેને લ્હા જેવી લુ વાયજો;
કોમળ છે કાયારે મારી કંથજી,
વસુમાસ્યાં જેમ ફુલડીયાં કરમાયજો. એ મહીને૦ ૮
અંબર ઘન છાયોરે માસ અષાડનો,
મોર બોલે મે વરસે મુશળધારજો;
કચરાને કાદવરે મચીઆ મેદની,
પંખી માળા ઘાલે ઠારો ઠારજો. એ મહીને૦ ૯
શાવણમાં શીવ પુજીને સુખ માગીએ,
વાહાલાનો નવ હોજો કદી વીજોગજો;
ઉમાયાના સ્વામીજી આપો એટલુ,
સાસુના જાયાનો નીત સંજોગજો. એ મહીને૦ ૧૦
ભાદરવો ભર જોબનનો ફરી નહી મળે,
વહી જાશે જેમ નદીઓકેરાં નીરજો;
એવારે દીવશ નવ એળે કાઢીએ,
વાત વીચારી જુઓ નણદલના વીરજો. એ મ૦ ૧૧
આસોના દીવશ તો અતીરળીઆમણા,
ખાવું પીવુ કરવા નવલા ખેલજો;
ભેળાં બેશી જમીએ રમીએ સોગટે,
છાતીમાં ભીડાને રાખુ છેલજો. એ મહીને૦ ૧૨
માસ અધીકમાં અધીકપણે શું કીજીએ,
રહો જોડીને નેણ સંગાથે નેણજો;
જેમ ન છુટે બુટો કાચ બીલોરનો,
દલપતના પ્રીતમ છો જાણ પ્રેવીણજો. એ મ૦ ૧૩

ભુમાનંદના મહીના.

સખી કારતક કેમ કરી જાય, મોહન મેલી ગયા;
ખાલી મંદીર ખાવા ધાય, દીવશ દુખના રહ્યા.

સખી સુની દેખીને સેજ, અંતરમાં અતી બળે;
મેલી પેઉ ગયા પરદેશ, શોક શેણે ટળે.
સખી પળ જુગ જેવી જાય, જીવત કેમ નીશરે;
દીધાં સુખ દેખાડીને હેત, વીસારયુ ન વીસરે.
શખી દીલમાં લાગ્યો દાહ, પડી હું પરજળુ;
હવે ભુમાનંદના નાથ, આવે કયારે મળે. ૧
સખી માગશરે મહા દુખ થાય, પેઉ ગયા પરહરી;
નથી સંસારમાં સુખ લેશ, વાલા વીજોગ કરી.
સખી પાણી વીનાના માસ, શેણે થાય સુખીયાં;
તેમ તરફડીને પડશે તન, દારૂણ અમે દુખીયાં.
કરૂ પેઉ પેઉ પોકાર, ઉભી જોઉ વાટડી;
મારૂ થઈ ગયુ વજર શરીર, ન રહે છાતડી.
શખી નેણમાં વરસે નીર, આગ ઝરે અંતરે;
ગયા ભુમાનંદના નાથ, નાંખી પરતંતરે. ૨
શખી પોસે પેઉનો વીજોગ, લાવો શો લીજીએ;
હવે દીલના દુખની વાત, કોની આગે કીજીએ.
શખી સુના ચઉદે લોક, ચડે મારી નજરે;
હવે સજીએ શા શણગાર, ન આવે મજરે.
મને ઉતારી ઊંડે કુપ, વરત વાઢી ગયા;
મેલી અબળા એકાએક, એને ન આવી દયા.
રયા પુરી પીંજર માંહી, જુરી જુરીને મરૂ;
આવે ભુમાનંદનો નાથ, તો દરશન કરૂ. ૩
આવ્યો મહાદુખનો દરીઆવ, પાર કેમ પાંમીએ;
મને મેલી તેને મધ, તણાતી સ્વાંમીએ.
તોય પાપી પ્રાંણ ન જાય, દોશ કેને દેઈએ;
તેનો વેરી વીધાતાનો વાંક, એમ સમજી રહીએ.
સખી ઉછેરી અમરીત પાઈ, ભીડીને ભુજમાં;
તેણે કરયો અમારો ત્યાગ, તેતો વાંક સુજમાં.
સખી પીઉ રીઝવ્યાની રીત, વાલે બહુ વાવડી;
ભુમાનંદ કહે એનો શો વાંક, મને નવ આવડી. ૪
સખી કુલ્યો ફાગણ માસ, વસંત વહી જાયછે;
હવે કે સંગ ખેલુ ફાગ, ઉચાટ એ થાયછે.
વાલો બાંધી વસંતી પાગ, સુંદર છોગાં મેલતાં;
ગળે પહેરી ગુલાબના હાર, રંગે શું રેલતાં.

ભરજોબન મારૂ જાય, વરૂથા વાલા વના;
હવે શો કરીએ ઉપાય, થાય બક્ષીસ ગના.
સખી હોળી હઈઆ માંહ, વાલા વીજોગે બળે;
દેખુ ભુમાનંદનો નાથ, શોક તારે ટળે. ૫
સખી ચષતરે ચીતમાં ક્ષોભ, અતીસય થાયછે;
મારે પીઉ વીના પળ એક, જુગ જેવી જાયછે.
સખી મોહન મળવાની, એક અંતરમાં ધાંખડી;
જોઇ જોઈ જીવણની વાટ, ઓઇ મેં તો આંખડી.
સખી અબળા એકાએક, મરીસું રડવડી;
કેમ જાઉ પીઉની પાસ, દીશાએકે નવ જડી.
સખી વીરહવતાને તાપ, અંતરનો ત્યારે ટળે;
જ્યારે ભુમાનંદનો નાથ, ભીડી ભુજમાં મળે. ૬
સખી વર્ષાશાએ વલ્યાં વન, વાલો હજી નવ વલ્યા;
નાવે નીંદ્રા ન ભાવે અંન, કયારે થાશે મેલાં.
અતી અંતર વીરહનો તાપ, ઉપર લુ વાયછે;
શેણે શીતળ થાય શરીર, ઉચાટ એ થાયછે.
મને મેલી મહાવનમાંય, હેડી હાલી ગઈ;
મારા દીલના દુખની વાત, કેને જઈએ કહી.
સખી એકે ન રહો આધાર, કયાં જઈને થોભીએ;
હવે ભુમાનંદના નાથ, વીના સું સોભીએ. ૭
સખી જોઉ જગજીવન, મંને મેલી ગયા;
મેં તો કરયો અતી કલપાંત, તોએ ન આવી દયા.
સખી અબળાનુ સુ જોર, ચાલે જે રાખીએ;
યઇ નાથ વીનાનાં નીરાસ, નીશાસા નાંખીએ.
સખી પીયુ સંગ રમવાની હામ, હઈયામાં રહી;
ઓઇ રસીક શીરોમણ શામ, કંગાલ હું થઈ.
કાઢી શુખ સાગરથી બાહાર, નાંખી દુખ દરીએ;
હવે ભુમાનંદના નાથ, વીના સુ શોભીએ. ૮
આવ્યો અસાડ ચમકે વીજ, ગાજે મેઉલા ઝરે;
બોલે બપઈઆ દાદુર મોર, કોયલ ટઉકા કરે.
કોરે કાળજ એના બોલ, અંતરમાં ઊંડાંગરી;
વળી ઘોર અંધારી રાત, વીતે શેણે કરી.
મારૂ જોબન એળે જાય, પીયુને કયારે મલુ;
અતી અંતર વીરહનો તાપ, તેણે હુતો બળુ.

દેખી ધન શ્રગી સણગાર, ઘરે લીલી થઈ;
નાવ્યા ભુમાનંદનો નાથ, તેણે હું સુકી રહી. ૯
સખી શરાવણે વરસાદ, તો વરશે સરવડે;
તેણે આવ્યાં નદીએ પુર, શરોવર ભરયાં જળવડે.
પાકયા તરણવેલીયા અન, સરા આવી સહુને;
પીયુ વીના પ્રતીવરતા નાર, દેખે દુખ બહુને.
સુને મંદીર અબળા હું એક, જાય કેમ જામની;
બોલે તમરાં અંધારી રાત, કંથ વીના કામની.
અમને અધુર અમરીત પાઈ, રાખ્યાં છે સુખીયાં;
હવે ભુમાનંદના નાથ; વીનાનાં દુખીઆં. ૧૦
સખી ભાદરવે ભરપુર, નદીઓ જાયછે;
તેતો સાગરનો શંગમ, થાવાને ચહાયછે.
મને પીયુ મળવા પ્રયાસ, અંતરમાંતો ઘણી;
પણ કેમ કરી થાય મેળાપ, ન સરજી પંખણી.
શરદ રૂતુમાં આવજો શામ, રંગ ભરયાં રમીએ;
પાકયાં શરવે નવાં નવાં અન, જમાડીને જમીએ.
સખી સોભે નહી સણગાર, અંગે તે શું ધરૂ;
હુતો ભુમાનંદના નાથ, વીના અડવી ફરૂ. ૧૧
જાય ઊતમ આસો માસ, દીવસ દીવાળીરે;
ઉભી જોઉં જીવણની વાટ, મારગ સામું ભાળીરે.
લખુ કાગળ કોય લઈ જાઓ, આપો મારા નાથને;
હુતો કેમ કરી રાખુ પ્રાણ, કહું જોડી હાથને.
ગયા વીતી બારે માસ, સંદેસો નમેલીઓ;
મારા દીલમાં દુખનો આજ, રીણાવર રેલીઓ.
મારી વીનતી વાંચીને વાલા, ઉતાવલા આવજો;
ભુમાનંદ કહે નહીતો નાથ, મુને તુરત તેડાવજો. ૧૨

ભુમાનંદના મહીના.

રાગ ધોળ.

જોઉં જીવણ ચાલીઆ, નીર મોહી મારા નાથ;
દરસન વીના દુખીઓ ઘણો, સરવે વરજનો સાથ.
અંતર તાપ વીજોગનો, લુ બહારથી વાય;
મળયા વીના હવે માવજી, જુગતુલ્ય રજની જાય.
ફળીઆમાં ઘોડી ફરતાં, ધરતાં છોગલાં શીશ;
તે દીન કયારે દેખાડશો, ડોલરીઆ જગદીશ.

પ્રાણજીવણન હવે પૂરીએ, હઈયા કેરી હાંમ;
બ્રહ્માનંદના નાથજી, આવો સુંદીરશામ. ૧
અશાડે અલબેલડા, પવનનું પુરૂં જોર;
જુકી આવી આકાશમાં, ઘન ઘટા ચારે કોર.
હળ જુત્યાં ફળ પાકીઆં, પાલવીઆં વનપાંન;
એ રતે પ્રીતમ આવીએ, કરૂણા સાગર કાંન.
પરેમ સુધારસ પાઇને, કીધા મોટેરા માવ;
મેલીને મથુરાં ગયા, ન ઘટે મારા નાવ.
અંતરમાં રેહેતો નથી, એક ઘડીએ આરામ;
બ્રહ્માનંદના નાથજી, આવો સુંદર શામ. ૨
શાવણ વરસે સરવડે, નદીએ નીર ન માય;
આવો હવે અલબેલડા, મળવા મન લલચાય.
વરસે લીલી વેલડી, આંબુ અપરંમ પાર;
કોઇક શીવ પુજા કરે, મોડે ગાય મલાર.
હરી આવી ડુંગર ઉપરે, કરે કાંઇ વરત નેમ;
આ રતમાં અમે તમવીના, કહોને રહીએ કેમ.
સરવે સુખ સંસારનાં, તમ વીનાછે હરાંમ;
બ્રહ્માનંદના નાથજી, આવો સુંદર સાંમ. ૩
ભાદરવામાં ભુધરા, નદીએ આવીઆં નીર;
એ રતે રહેવું નવ ઘટે, છેટે સામ શરીર.
પ્રથવીએ અંબર પેરીઆં, લીલાં અતી નવરંગ;
એ રતે સરવે સીતળ થયાં, અબળા દાઝેછે અંગ.
મધુરાં બોલે મોરલાં, ઘન છાયો આકાશ;
એ રતે વહાલમ આવીએ, પુરો અંતર આશ.
લટકાળા લાગી રહી, ઝંખના આઠો જામ;
બ્રહ્માનંદના નાથજી, આવો સુંદર શાંમ. ૪
સરદરૂતુ સોહામણી, આવીયો આસો માસ;
એ રતે વાલમ આવીએ, રમવા સુંદર શામ.
નીરમળ અંબર થઇ રહયાં, થયાં નીરમળ નીર;
નીરમળ નાથ પધારીએ, છોગાળા બળવીર.
દસરાએ દળ ચાલીઆં, બાંધા નદીઓ ઘાટ;
એ રૂતુમાં અલબેલડા, વળી વળી જોઉં વાટ.
છેલ છબીલા સામલા, ઠરવાનુ છે ઠામ;
બ્રમાનંદના નાથજી, આવો સુંદર શામ. ૫

કારતક માસે કાંનજી, વાટ જુવે વરજનાર;
અંતર ઉતાપો ઘણો લોચનીએ જળધાર.
અલબેલા વર આવીએ, ડોલરીઆ સુખ દેણ;
વાટ જોઇ જોઈ વાહાલમા, ઝાંખાં થઈ ગયાં નેણ.
એકાદશી પ્રબોધની, ઉત્સવનો ઠરાવ;
એ રતે અહીંઆં આવીએ, મીઠડા બોલા માવ.
તમસારૂ તલખે ઘણું, સરવે ગોકુળ ગાંમ;
પ્રહ્માનંદના નાથજી, આવો સુંદર સ્યાંમ. ૬
માગસર મહીનો આવીઓ, બેઠી રત હેમંત;
પ્રીતમ હજી ન પધારીયા, કોમળ મારા કંથ.
સારસડાં પણ સભાગીઆં, જ્યાં ત્યાં જોડી જાય;
અમને મેલી એકલાં, ગયા ત્રીભોવન રાય.
સરશ રીતે નીરમાં, ફુલ્યાં કમળનાં વરંદ;
અમને કદી ફુલાવશો, છોગાળા વરજચંદ.
અરજ સુંણો આળસ તજો, કરો પુરણ કામ;
પ્રહ્માનંદના નાથજી, આવો સુંદર સાંમ. ૭
પોસ માસે પ્રેમદા, હેરે વાટ હમેશ;
કઠણ થયા કેમ કાંનજી, જઇ વશ્યા પરદેશ.
જળ થળ શીતળ થઇ રહયાં, શીતળ સેજ સમાજ;
અંતર શીતલ નવ થયાં, વણ દીઠે વ્રજરાજ.
પંગતીમાં ફરી પીરસતા, કરતા અતી મનુવાર;
તે દીન અમને સાંભરે, વહાલંમ વારંમવાર.
રશીઆજી તમે રીઝાને, દેતા વસ્ત્ર ઈનામ;
પ્રહ્માનંદના નાથજી, આવો સુંદર શામ. ૮
માહા મહીનામાં માવજી, બોલે સંત વસંત;
આ રતમાં અલબેલડા, કેમ નાવીયા કંથ.
પ્રીતમ આવી પંચમી, લોક ખેલેછે ફાગ;
વહાલમ તમ વીના વાધીયો, વરજ ત્રીયાને વેરાગ.
ઓરડાઆ નીચે ઓસરી, ખુબ કરતા ખેલ;
એ દીન અતીશય સાંભરે, રૂપાળા રંગરેલ.
અરજ સુણી હરી આવીએ, વાટ જુએ વરજનાર;
પ્રહ્માનંદના નાથજી, આવો સુંદર શામ. ૯
ફાગણ ફાગ રમાડવા, આવો પ્રાણ આધાર;
શામ સ્નેહી શામળા, વાટ જુએ વરજનાર.

નર નારી હોરી રમે, તજી લોકની લાજ;
આણે ટાણે હરી આવીએ, રંગભીને વરજરાજ.
ચાખડીએ ચડી ચાલતા, છત્રીની કરી છાંય;
લટક તમારી લાલજી, ચોરી ચીતડા માંય.
અંતર જામી આવીએ, દોહલી વેળાના દાસ;
બ્રહ્માનંદના નાથજી, આવો સુંદર શામ. ૧૦
ચઈતર માસે શામળા, આવ્યા નહી અવીનાસ;
વનસપતી સહુ પાંગરી, ફુલાછે પલાસ.
ચંપા જાય ચંબેલીયો, ફુલી લતા અપાર;
એ રતે કેમ ન આવીયા, ભોગી ભમર ભરથાર.
ઓરડીયા તણા ઓશરી, ખુબ કરતા ખ્યાલ;
તે દીન કયારે દેખાડશો, નટવર નંદના લાલ.
કે દીન કરશો કાંનજી, આવી અહીઆં મકાંમ;
બ્રહ્માનંદના નાથજી, આવો સુંદર શામ. ૧૧
વઈશાખે વરજ વીનતા, પંથ જુવો કરી પ્રીત;
લુ આવી હરી ન આવીઆ, ચંતા વાધી છે ચીત.
કોયલડીરે કરે ટહુકડા, આંબે આવીછે સાખ;
મારગ સામુ માવજી, જોઈ જોઈ પાકી આંખ.
વાય ઉનો વાયરો, થળ જળ ઊડાં જાય;
તમવીના તન અબળા તણું, ઉનાં ત્રીભોવનરાય.
મળવા કારણ માનની, ધરે અંતરે હાંમ;
બ્રહ્માનંદના નાથજી, આવો સુંદરશામ. ૧૨
બારે માસ પૂરા થયા, આવ્યો માસ અધીક;
પ્રીતમ પણ ન પધારીઆ, ઠરયા મથુરામાં ઠીક.
અધીક મહીને અતી ઘણી, આશા હતી મન માંય;
તમ વીના સુની સેજડી, મળવા મન અકળાય.
પેહેલી લગાડી પ્રીતડી, રેહેવું ન ઘટે દૂર;
તમ વીના મારા નાથજી, હઈડે દુખ ભરપુર.
બ્રહ્માનંદની વીનતી, ઉર ધરી અવીનાશ;
મેહેર કરીને માવજી, તેડી લેજોરે પાસ. ૧૩

રતનાના મહીના.

(સાખી.)

કારતક રસની કુપળી, નયણાંમાં ઝળકાય; અંગ શમારે રાધકા,

મનરથ રહયો સોભાય. કારતક કંથ મેલી ગયા, સાંભળ સઈઅર વાત; ગોકુળનીરે ગોવાલણી, ઘસવા લાગીરે હાથ. વાયદા ઉપર વધતા ગયા, દીવશ ગણતાંરે માસ; અમોરે વીસવાસે વળગી રહયાં, મોહન મળવાની આશ. મગાંરે મ્હોદરછે ઘણાં, નાથ વીનાની શી નાર; બળરે કરી કેમ બોલીએ, મસ્તક નથીરે મોરાર. અમોરે બળતાંસુ બળી ગયાં, બાકી રાખી ન કાંય; કેહેવા સરખું રહયું નહીં, જાણે જાદવરાય. પુરવની પ્રીત સંભારીએ, જાણી પોતાની દાસ; રતનાના સ્વામીરે સામળા, પુરો અબળાની આશ. ઓધવજીરે સંદેસડો, કહેજો મથુરાં મોઝાર; જે દહાડાના ગયા નાથજી, ઝુરે બરીજની નાર. ઓધવજી. ૧

(સાખી.)

માગસર મન મેગળ થયો, ઉપર નહી અસ્વાર; મધુપુરમાં વાસો વસે, અંકુસનો દેનાર. માગસર મહીનો આવીયો, ના આવ્યા નંદકુમાર; સંભારતાં સાંસો પડે, આંખે આંસુની ધાર. આસા ઉમેદ અવતરયાં, અબળાને અવતાર; કહોને અમે કેમ કીજીએ, મેલી ગયારે મોરાર. પ્રથમતો મધુકર મોકલ્યો, વાલે કાવ્યોછે જોગ; આપણ અબળાને એ ઘટે, જોજો કરમના ભોગ. ઘરમાંતે હળવી હું પડી, બહાર નવરે બોલાય; કુવાને ફેરી છાંયડી, કુવામાંરે સમાય. મળતાં મોટમ નવ રાખીએ, આવો શ્રી ભગવાન; રતનાના સ્વામીરે સામળા, દોને દરશન દાન. ઓધવજી. ૨

(સાખી.)

પોશેતો પરવશ પડી, વરહે વાધો અતી અંગ; ઓખડ ગુણ લાગો નહી, ડશીયો શામ ભુજંગ. પોશેતો પહેલા પુરમાં, જોબન બાળેવેશ; પુરણ પાપ તેનાં મલ્યાં, જેનો પીયુ ગયો પરદેશ. આછી પટોળીરે ઓઢવા, શીયાળાની ટાઢ; પાંચ પહોરની રાતડી, વાલે કીધીછે રાઢ. સાંજ સંજોગે સઉ મળ્યાં, જુએ વાલાની વાટ; વીસારયા કેમ વીસરે, ઊભા જમુનાને ઘાટ. ધ્રસુરે ગાઢુ કરી રાખીએ, હઈડુ નવરે હાથ; પ્રીત કરી કેમ પરહરયાં, ના આવા નગણારે નાથ. બળતી બોલુછું હું હવે, રખે રાખતા રીસ; રતનાના સ્વામીરે શામળા, પાય નામુંછું શીશ. ઓ૦ ૩

(સાખી.)

માહા મહીને મનમાહ, આકુળ વ્યાકુળ થાય; રૂએ વીજોગણ રાધિકા, એક ન સુઝે ઉપાય. હજી હરી શે ન આવીઆ, આવ્યો મકર માસ; ભાગ્ય વીના કેમ પામીએ, વાલાજીનો વીલાસ. કુબજા

સરખી કામની, આવી હરીને હાથ; આપે કાળા એ કુબડી, ભ-
લી બગીછેરે ભાત. સરખા સરખી સાહેલડી, જમુના નાહાવા
જાય; પુગીને માગેરે પેમદા, મળજો જાદવ રાય. એક દુઃખે અ-
મો દાઝીએ, બીજુ કુબજાનુ સુળ; નીરગુણ જોગ વળી લખે,
દાઝ્યા ઉપર લુણ. ક્યારે દામોદર દીલ ધરી, બેઠા શ્રી ભગવાન; રત
નાના સામીરે સામળા, કયારે મળશોરે કાન. ઓધવજી. ૪

(સાખી.)

ફાગણ આવ્યો હે સખી, કેસુ ફુલ્યા રસાળ; રૂદન ફુલ્યા રાધકા,
ભમર કનહીઓ લાલ. સમજો શીયાળો વહી ગયો, આવ્યો ફાગણ
માસ; અંતરમાં અતી ઉપજે, હોળી રમવાની આશ. વસંત વધા
વાને હું જતી, કંકુ ભરીને કચોળ; કેસરી સાળુરે પહેરવા, મુખ
ભરીને તંબોળ. અબીલ ગુલાલ ઉડે ઘણાં, વાગે તાલ મરદંગ;
કોકીલ શબ્દ સોહામણા, કાપે અબળાનું અંગ. તરૂવર આંબો
મોરીઓ, ફુલ્યાં કેસુડાં વન; અમો અબળાને એ ઘટયું, મરવુ
મુરાઈ મન. વેરી વીધાતાએ લખ્યો, વાલા તણોરે વીજોગ; રત-
નાના શામીરે સામળા, આવી કરો સંજોગ. ઓધવજીરે. ૫

(સાખી.)

ચઈતરે ચતુરા રસ ભરી, ઉભી જમુનાં તીર; પંથ નાળતી પે-
મદા, રડતાં ભીંજે ચીર. ચઈતર માસનો ચાંદલો, રૂડી નીરમળ
રાત; સ્વપનામાં શામી રમી ગયો, -હદે કાંઇ રળીઆત. જાગીને
જોતાં દીસે નહી, ફાળ પડીછે પેટ; બોલાવ્યો બોલે નહી,નાસી પે-
ઠારે નેટ. કોમળ કર ધરી દીવડો, ચતુરાં નાળે ચોપાસ; ખોળતાં
ખુટી રાતડી, ન મળીઆ શ્રી અવીનાશ. પાછલી રાત પરોઢીયુ, ઉ
ઠી પ્રાતસકાળ;જોસીડા જોસ સંભાળજે, આ શુ આળપંપાળ. સુ-
ખ સ્વપનાનું સાંભરે, ભીતર ભડકારે થાય; રતનાના શામીરે સા
મળા, આવી મળતાં ઓલાય. ઓધવજીરે. ૬

(સાખી.)

વઈશાખ આવ્યો હે સખી, વહી ગયા ખટમાસ; હજી સંદેશો
ના આવીયો, કાગળની શી આશ. વઈશાખે વાયા વાંવલા, પાકયાં
દાડમ દરાખ; પાકીને રાંયણ આંબલી, ગળી આંબાની સાખ. લુ
કનાં લહેરા લાગે ઘણાં, બહાર નવ નીસરાય; ધરતી ધખેને રવી
તપે, કોમળ મુખ કરમાય. ફુલડાંની સેજ સુમારીએ, બેહેકે ચંપો
ને જાય; વાલાજી કેરે વીંઝણે, કેને ઢોળુ વાય. માગ સમારૂં
મોતીએ, સેંથે ભરયુરે સીંદુર; નાથજી લાહાવો લીજીએ, જોબન

જાય.ભરપુર. ગીષ્મ રૂતુ અતી દોહલી, વાલા વીચારો મન; રત્નાના સ્વામી શામલા, સોપ્યું તનમન ધન. ઓધવજીરે. ૭

(સાખી.)

જેઠે જોડી સોગઠી, પાસા લીધા હાથ; જાણ્યું પડશે પાધરા, અવળા પડીઆ નાથ. જેઠ લગી જોઇ વાટડી, કોઇ આવીને જાય; કાગળ કટકો મળ્યો નહી, લખવા જાદવ રાય. મરવું તે મુખથી કયમ કહુ, મરણ હરીનેરે હાથ; પ્રીતમગત મરતા થઇ રહી, જાણે વઇકુંઠ નાથ. સગપણ સાચું સઉ કહે, પ્રીત પીતળ ફોક; એરે ઉખાણો સાચો મળીઓ, ભલા હસાવ્યા લોક. દોષ અમારા અદરપનો, વાલાજીનો શો વાંક; સુખ દુખ સરજ્યું દેહને, મારી વીધાત.એ ટાંક. ચતુર થઇ નવ ચુકીયે, જાણે અબળાનો ધરમ; રતનાના સવામી શામળા, વળવી બેસશે કરમ. ઓધવજીરે. ૮

(સાખી.)

અસાડ આવ્યો હે સખી, કેમ કરી કાઢું દન; નાથ નમેરા થઇ રહયા, હદે પડયાંરે રતન. અસાડો ઘન ઉલટો, માગ્યા વરસેરે મેહ; વીજલડી ચમકા કરે, વાલે દીધોરે છેહ. મોરના સોર સોહામણા, દાદુર બોલેરે જોર; કોયલડી ટઉકા કરે, નાવ્યા નંદકીસોર. રાત અંધારી ઉડે આગીઆ, દેખી ઝબકેરે મન; દીવડો દીશે બીહામણો, નાવ્યા જગજીવન. લીલા ચરણા અવનીએ ધરયા, તરૂવર ગેરગંભીર; પંખીડે માળા ઘાલીયા, જયાં તીયાં ભરીયાંરે નીર. જોગીડા પણ પંથ પરહરી, બેઠા એક આસન; રત્નાના સામીરે શામળા, આવો જુગજીવન. ઓધવજીરે. ૯

(સાખી.)

શાવણ માસે સજ થઇ, દરપણ નીહાળે અંગ; તતક્ષણ તે ધરણી ઢળી, જાણે ડશો ભુજંગ. શાવણ માસ સોહામણો, હીંડોળાનાદન; હીંચે તે રાણી રાધકા, ઘણું પીડે અનંગ. સરખી સહિલી સઉ મળી, જમુના નાહાવારે જાય; કેસરી તીલક સોહામણાં, કોમળ રંગ્યારે પાય. ગઉરી પુજે સાહેલડી, ઉરમાં પુષ્પની માળ; બીજારે કરમાં કંકાવટી, મુખે શ્રી ગોપાળ. ચાર પોહોરનાં જાગણ કરે, ગોરી ગરબારે ગાય; રાત થોડાને રમત ઘણી, રખે વાહાણું રે વાય. શાવણ પાકયો આંબલો, કોને ફરીએ બેઠ; રત્નાના સ્વામીરે શામળા, આડો જમુનાનો બેઠ. ઓધવજી. ૧૦

(સાખી.)

ભાદરવે ભવન પાંચમે, ખળકે હીંડાળા ખાટ; પુરપને પંખે પ-

દમણી, જુએ વાલાની વાટ. ભાદરવો ભરપુરમાં,ભલુ જણાય જોગ; ગગન વીશે કરે કાટકા, નાવ્યા નંદ કીશોર. ઉતર દેશથી ઉલટયો, થયો ઘોર અંધાર; વીજળડી ચમકા કરે, નાવ્યા નંદકુમાર. પંચરંગના આભમાં, મોટા તાણારે મછ; ચંપક વરણીરે રાધીકા, ચોર ભીંજાય સ્વછ. નદીએ નીર ભરયાં ઘણાં, નવ દીશે ઉતાર; તરણ જમુના પુરે ચડી, પીયુડો પેલેરે પાર. બાળ બધું સુખ દેહનુ, જેનો નાથ નઠોર; રતનાના સામીરે શામળા, બળતી બોલુંકું જોર. ઓધવજી. ૧૧

(સાખી.)

આસોએ આશા હતી, મળવાની મનમાંય; ઓધવજી ભલે આવીઆ, વીરો થાઓ વીદાય. દુખના દહાડારે વહી ગયા, આવ્યોરે આસો માસ; સઉકો સપરમે દહાડલે, વસે પોતાને વાશ. નવરે દહાડારે ગઆ નોરતાં, નાવ્યારે દસરારે માંય; મોટો ઓછવ દીવાળીનો, આવી કરશો હાંય. સખી સાહેલી સઉ મળી, હરીને લેવાને જાય; આણે મારગ હરી આવશે, ઉલટ અંગ ન માય. ધનતેરસ ધા ધોઈને, સજયા સોળ સણગાર; નયણેતે કાજળ સારીઆં, મળવા નંદકુમાર. કોમળ કરમાંરે દીવડો, હઈડે હરખ અપાર; હરીને નીહાળવા નીસરી, ઉભી આંગણા બહાર. મનના મનોરથ વહીગઆ, એક ન સીધુ કાજ; રતનાનાં સાંમીરે શાંમળા, વાલુ કીધુ છે રાજ. ઓધવજીરે. ૧૨

(સાખી.)

અધીક માસ વળી આવીઓ, તેથી આવ્યો તરાસ; વળી એ કેવો વીતશે, વીત્યા બારે માસ. બારે માસ તો વહી ગયા, તેરમાની શી પેર; પુરસોતમ પેહેલા નથી, કોણે કીધો છે કેર. બાર રવી બાર પસ્વણી, અધીકુ ઓછુ ન થાય; અધીક માસ કરમે કયાં લખ્યો, ઘણો થયો દુખદાય. વરષ પછવાડે વાછડું, મુકયો મળ માસ; રખે વળી ચઉદમો કરે, એનો શો વીસવાસ. રાધા લલીતા ચંદરાવળી, ભામા આદે જે વામ સઉકોના મન મનાવીઆં, આવ્યા સુંદરશામ, તેરમાસ પુરણ થયા, જે કોઈ પ્રેમેરે ગાય; સાંભળતાં સુખ ઉપજે બેહુ વઈકુંઠ જાય. પદ અગનોતેર રાગ સોરઠી; બતરીશોર પ્રબંધ. ગુણીજન મન વીચારજો, એછે રમનોરે કંદ; શંવત સતર પંચાણુવો. માસ માગસર સાર, પ્રથમ પક્ષ એકાદશી; ઉતમ ચંદરવાર. મન કરમ વચન બુધે કરી, રચીયા ત્રયોદસ માસ, રતનાના સ્વામીરે શામળા પ્રીતે પુરજો આશ. ઓધવજીરે. ૧૩

સમાપ્ત.